તા. 11-07-2024

સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 11-07-2024 સવારે : 7.10 થી 7.20

વાર : ગુરુવાર **પ્રાદેશિક સમાચાર**

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

- ✓ રાજ્યને વર્ષ 2030 સુધીમાં મેલેરિયામુક્ત બનાવવાનો સરકારનો નિર્ધાર
- ✓ રાજ્યમાં વાવેતર માટે બિયારણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું સરકારે જણાવ્યું.
- ✓ સહકારી મંડળીઓ અને APMCને જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક મારફતે નાણાંકીય વ્યવહાર કરવા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલનો અનુરોધ.
- ✓ કચ્છમાં ફરી એકવાર ભૂકંપના આંચકાઓ અનુભવાયા.
- ✓ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં કેટલાંક સ્થળોએ આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

.................................................................................

## MALARIA FREE GUJARAT

રાજ્ય સરકારે ગુજરાતને આગામી વર્ષ 2030 સુધીમાં મેલેરિયામુક્ત કરવાનો નિર્ધાર કર્યો છે. સરકાર “મેલેરિયામુક્ત ગુજરાત 2030” અભિયાન હેઠળ મેલેરિયાનું

તા. 11-07-2024

સમય : સવારે 7.10

**નિર્મૂલન કરવા સક્રિય રીતે કામગીરી હાથ ધરી છે. રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોમાં એક હજારની વસતિએ મેલેરિયાના કેસનું પ્રમાણ વર્ષ 2027 સુધીમાં શૂન્ય સ્તરે લઈ જવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.**

**જંતુનાશક દવા છંટકાવ કામગીરી અંતર્ગત આ વર્ષે રાજ્યમાં જૂન મહિના સુધીમાં 22 જિલ્લાના મેલેરિયા માટે સંવેદનશીલ કુલ 218 ગામમાં 45 હજાર 355 ઘરને આવરી લેવાયા છે. જ્યારે રાજ્યભરમાં "હાઉસ ટૂ હાઉસ" અભિયાન 2 તબક્કાઓમાં હાથ ધરવામાં આવ્યું છે. રાજ્યમાં 492 વેક્ટર કન્ટ્રોલ ટીમ મંજુર કરવામાં આવી છે, જે હાલમાં તમામ જિલ્લા અને મહાનગરપાલિકાઓમાં વાહકજન્ય રોગ અટકાયતની કામગીરી કરી રહી છે.**

.......................................................

# RUSHIKESH PATEL BIYARAN

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, શ્રી પટેલે જણાવ્યું કે, આ વર્ષે અત્યાર સુધીમાં કુલ 40.26 લાખ હેક્ટર એટલે કે, 47.04 ટકા જમીનમાં વાવેતર થયું છે, જેમાં મગફળીના પાકનું 14 લાખ હેક્ટર, કપાસનું 19 લાખ હેક્ટર, તેલિબિયાંનું 19 લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. જ્યારે ખરીફ ઋતુમાં વિવિધ પાકની વાવેતરમાં વધારાસહ વેગ આવવાની પૂરતી સંભાવના છે.

પ્રવક્તા મંત્રીએ કહ્યું, રાજ્યમાં આ મોસમ માટે વાવેતર માટે બિયારણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. આ અંગે વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું.

**(બાઈટ – ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)**

તા. 11-07-2024

સમય : સવારે 7.10

..................................

# RUSHIKESH PATEL ANURODH

રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, સરકાર દ્વારા રાજ્યની વિવિધ સહકારી મંડળીઓ , બજાર સમિતિઓ અને ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિઓના ખાતાઓને જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કમાં ખોલવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. આ માટેનો પરિપત્ર પણ તાજેતરમાં કરાયો છે.

પ્રવક્તા મંત્રીએ ઉંમેર્યું કે, બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. આના કારણે બનાસ અને પંચમહાલ બન્ને બેન્કમાં કુલ ૯66 કરોડ રૂપિયાથી વધુની રકમની થાપણમાં વધારો થયો છે. જિલ્લામાં સ્થાનિક સ્તરે વહીવટી તંત્ર દ્વારા આ સમગ્ર કામગીરીને સરળ બનાવવામાં મદદ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં થયેલી ચર્ચા સંદર્ભે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે માહિતી આપી હતી.

..................................

# GUJARAT CABINET MEETING

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે ગાંધીનગર ખાતે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ.

તા. 11-07-2024

સમય : સવારે 7.10

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મંત્રીમંડળની બેઠકમાં થયેલી ચર્ચા અંગે માધ્યમોને માહિતી આપી હતી. શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં વાવણીલાયક વરસેલા વરસાદની સમીક્ષા કરવામાં આવી. રાજ્યમાં અત્યાર સુધી 25 ટકા વરસાદ નોંધાયો છે. પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં ખેલ મહાકુંભ શરૂ થતાં રમતવીરોને નામના મળી રહી છે. વિદ્યાર્થીઓ શાળામાં પૂરતી હાજરી આપે તે માટે પણ સરકાર પ્રયત્નશીલ હોવાનું પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું.

.........................................................

## CBSE- CLARIFICATION

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ - **CBSE** એ સ્પષ્ટતા કરી છે કે, વર્તમાન પાઠ્યપુસ્તકમાં ફેરફાર માત્ર ધોરણ ત્રણ અને છ માટે જ કરવામાં આવ્યો છે, અન્ય વર્ગો માટે નહીં. શાળાઓને ધોરણ ત્રણ અને છ સિવાયનાં અન્ય વર્ગોમાં વર્તમાન પાઠ્યપુસ્તકો જ ભણાવવાનું ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે.

.........................................................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડર સ્કોર **ABAD** ને ફોલો કરી શકો છો..

તા. 11-07-2024

સમય : સવારે 7.10

.......................................................

# KUTCH EARTHQUAKE

કચ્છ જિલ્લામાં ગઈકાલે રાત્રે ભૂકંપના હળવા આંચકાઓ અનુભવાયા હતા. પશ્ચિમ કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, ગઈકાલે રાત્રે 10 ને 53 મિનિટે ભચાઉ નજીક ત્રણની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભુકંપનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી 12 કિલોમીટર દૂર નોંધાયું હતું. અહીં આ મહિને અત્યાર સુધીમાં ભૂકંપના પાંચ આંચકાઓ આવ્યા છે.

.....................................

## KUNVERJI BAWADIYA- RAJKOT

રાજકોટના ધોરાજી ખાતે ભાદર-2 ડેમ સિંચાઈ યોજનાના પુનઃર્વસન કરાયેલા 85 જેટલા પરિવારોને 12 જુલાઈએ સુધારેલી સનદ વિતરણનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે રાજ્યના પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયા વિશેષ ઉપસ્થિત રહેશે.

આ અંગે માહિતી ધારાસભ્ય ડૉ. મહેન્દ્ર પાડલિયાએ જણાવ્યું કે, વર્ષ 1996માં બનેલી ભાદર 2 સિંચાઈ યોજના પરત્વે સિંચાઈ વિભાગે 85 જેટલા પરિવારની પુનઃર્વસનની કામગીરી કરી હતી. ત્યારબાદ આ તમામ પરિવારોને ધોરાજી નગરપાલિકા વિસ્તારના લાભ મળવાપાત્ર થશે.

તા. 11-07-2024

સમય : સવારે 7.10

........................................................

# MATSYODHYOG SAHAAY- AMRELI

રાજ્ય સરકારના મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા અમરેલી જિલ્લામાં માછીમાર સહાય પૈકી 1 હજાર 240 લાખ  રૂપિયાથી વધુની સહાય મંજૂર કરવામાં આવી છે. તાઉતે વાવાઝોડા દરમ્યાન મત્સ્યો બંદરો ઉપર મોટા પ્રમાણમાં નુકસાન થયું હતુ. જે અનુસંધાને રાજ્ય સરકારે 11.40 કરોડ રૂપિયાના ખર્ચે જાફરાબાદ ખાતે જેટ્ટીના સમારકામ તથા નવી જેટ્ટીના બાંધકામ માટે કાર્ય શરૂ કરી દીધુ છે. જયારે શિયાળબેટની જેટ્ટી અને બોટ પાર્કિંગ વ્યવસ્થા માટેની કામગીરી ટૂંક સમયમા શરૂ કરવામાં આવશે.

........................................................

# Bajpeyii Bankebal Yojana

પંચમહાલ જિલ્લામાં 18 થી 65 વર્ષની  કોઈ પણ વ્યક્તિને શ્રી વાજપેયી બેંકેબલ યોજના અંતર્ગત 8 લાખ રૂપિયા સુધીની લોન તેમ જ મહત્તમ 1 લાખ 25 હજાર રૂપિયા સુધીની સબસીડી મળવાપાત્ર છે.

આ યોજનાનો લાભ લેવા માગતા લોકોએ  જરૂરી દસ્તાવેજો સાથે www.blp.gujarat.gov.in પોર્ટલ ઉપર વિનામૂલ્યે ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ અંગે કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પંચમહાલ, કલેકટર કચેરી કમ્પાઉન્ડ ગોધરા ખાતે સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

તા. 11-07-2024

સમય : સવારે 7.10

......................................................

-

# WEATHER

રાજ્યમાં હવામાન વિભાગે આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિત ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત તેમ જ દક્ષિણ ગુજરાતનાં ઘણા સ્થળોએ તો કચ્છ અને સૌરાષ્ટ્રના અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ગાંધીનગર સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરે જાહેર કરેલા આંકડા મુજબ, રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા દરમિયાન 33 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધારે વરસાદ 2 ઈંચ વરસાદ બોટાદના બોટાદ તાલુકામાં વરસ્યો હતો.

જ્યારે છોટાઉદેપુરના બોડેલી, અમરેલીના લિલિયા અને ગીરસોમનાથના પાટણ-વેરાવળ તાલુકામાં એક સરખો પોણા એક ઈંચ વરસાદ નોંધાયો. તો જુનાગઢના માળિયાહાટીના તાલુકામાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યભરમાં વરસાદી માહોલના કારણે મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની નીચે પહોંચી ગયું છે.

..................................

# SKATING COMPETITION

અમદાવાદ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની વોરિયર ગુજરાત ઓપન રોલર સ્કેટિંગ સ્પર્ધામાં 600થી વધુ ખેલાડીએ ભાગ લીધો હતો.

તા. 11-07-2024

સમય : સવારે 7.10

આ સ્પર્ધામાં 300, 500 અને એક હજાર મીટરની સ્પર્ધા યોજાઈ હતી. 300 મીટર સ્કેટીંગ સ્પર્ધામાં આધ્યા જોશી અને હેત્વી પટેલે સુવર્ણ ચંદ્રક તો રુદ્રાજા જોશીએ રજત ચંદ્રક અને જેની પટેલે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. 500 મીટરમાં જેની પટેલે અને હર્ષિલ પટેલે સુવર્ણ ચંદ્રક અને આધ્યા જોશી અને રુદ્રાજા જોશીએ રજત ચંદ્રક જીત્યો છે.

.................................

# GANDHINAGAR COLLECTOR SAMVAD

ગાંધીનગર જિલ્લા કલેક્ટર મેહુલ દવેએ ગઈકાલે માણસાના લોદરા ગામની મુલાકાત દરમિયાન ગ્રામજનોની રજૂઆતો અને પ્રશ્નો સાંભળી તેનો નિકાલ કર્યો હતો. ત્યારબાદ કલેક્ટરશ્રી ગ્રામ પંચાયત અને આંગણવાડીની બહેનો અને બાળકો સાથે મુલાકાત કરી હતી. દરમિયાન ગ્રામજનોની સામુદાયિક આરોગ્ય કેન્દ્ર – CHC બનાવવાના આગ્રહ અંગે કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, આરોગ્ય કેન્દ્ર બનાવવા માટેની જરૂરી કાર્યવાહી કરાશે.

જમીન ક્ષતિ સુધારણા અંગેના પ્રશ્ન સંબંધે કલેકટરશ્રીએ DLR સાથે વાત કરી. ગ્રામજનોએ ST બસની રજૂઆત કરતા કલેક્ટરશ્રીએ આ અંગે વિજાપુર ST વિભાગને જાણ કરવાની સૂચના આપી હતી. દરમિયાન શ્રી દવેએ ગ્રામજનોને સાથે રાખીને ગામમાં 200 જેટલા છોડનું વાવેતર પણ કર્યું હતું.

.................................

તા. 11-07-2024

સમય : સવારે 7.10

# SUR.POLICE GYM LOKARPAN

સુરેન્દ્રનગરમાં પોલીસ મુખ્યમથક ખાતે 13 લાખ 85 હજાર રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ઑપન જીમનો લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો. સરકારના નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, પૂર્વ કેન્દ્રિય મંત્રી ડૉ. મહેન્દ્ર મુંજપરા સહિતના મહાનુભાવોએ જીમને ખૂલ્લું મુક્યું હતું.

આ પ્રસંગે સાંસદ ચંદુભાઈ શિહોરાએ પોતાના અનુદાનમાંથી જીમમાં ઉપયોગી વસ્તુઓ પૂરી પાડવા ખાતરી આપી હતી. જ્યારે નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ તમામ લોકોને આ જીમનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

.................................